ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સર્વિસ ટ્રેનિંગ સેન્ટરના પ્રિન્સીપાલ, વર્ગ-૧ ને કચેરી/ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સર્વિસ ટ્રેનિંગ સેન્ટરના વડા જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંક: અગન-૧૦૨૦૧૮-૨૧૭૧-વ
સચિવાલય, ગાંધીનગર.
તા. 26 NOV 2019

**વંચાણે લીધા:**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા. ૫-૧૧-૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: અગન-૧૦૨૦૧૮-૫૧-વ

(૨) ગુજરાત નાણાકીય સત્તા સોંપણી નિયમો, ૧૯૯૮

***આમુખ:***

નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ માટે રાજ્ય કક્ષાની ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સર્વિસ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવા માટે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા. ૫-૧૧-૨૦૧૯ ના ઠરાવથી ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સર્વિસ ટ્રેનિંગ સેન્ટર માટે કુલ-૮ નવી જગ્યા ઉભી કરવામાં આવેલ છે. જે પૈકી પ્રિન્સીપાલ, વર્ગ-૧ ની જગ્યા પે મેટ્રીક્સ લેવલ ૧૦# પગાર ધોરણ રૂા. ૫૬૧૦૦ – ૧૭૭૫૦૦ માં ઉભી કરવામાં આવેલ છે.

ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સર્વિસ ટ્રેનિંગ સેન્ટરના પ્રિન્સીપાલ, વર્ગ-૧ ને ઇન્સ્ટીટ્યુટની નાણાકીય અને વહીવટી કામગીરી માટે વંચાણે લીધેલ ક્રમ (૨) પરના નાણાકીય સત્તા સોંપણી નિયમો, ૧૯૯૮ ના નિયમ-૧૦ ની જોગવાઇ મુજબ નાણાકીય અને વહીવટી હેતુસર ઇન્સ્ટીટ્યુટના પ્રિન્સીપાલ (આચાર્ય), વર્ગ-૧ ને કચેરીના વડા તરીકે જાહેર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણા બાદ આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે:-

***ઠરાવ:***

ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સર્વિસ ટ્રેનિંગ સેન્ટરની નાણાકીય અને વહીવટી કામગીરી આ સંસ્થાના "પ્રિન્સીપાલ (આચાર્ય), વર્ગ-૧" ને ગુજરાત નાણાકીય સત્તા સોંપણી નિયમો, ૧૯૯૮ ના નિયમ-૧૦ ની જોગવાઇ મુજબ ગુજરાત



નિયામક,
સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ

ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સર્વિસ ટ્રેનિંગ સેન્ટરની કચેરીના વડા તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. એ. પ્રજાપતિ)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (GIDM), રાયસણ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય અપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ઉદ્યોગ ભવન (GSDMA), ગાંધીનગર.
- કમિશ્નરશ્રી મ્યુનિસિપાલીટીએડીમીનીસ્ટ્રેશન, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ, બ્લોક નં. ૧૩/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રિન્સીપાલ, ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સર્વિસ ટ્રેનિંગ સેન્ટર, રાયસણ, ગાંધીનગર. (નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી મારફત)
- પ્રાદેશિક ફાયર અધિકારીશ્રી, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીધામ (કચ્છ) (નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એ.જી. (હિસાબ), ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ
- એ.જી. (ઓડિટ), ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ
- સીસ્ટમ મેનેજરશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ